# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: કલ્પના શાહ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૦૬-૦૮-૨૦૨૪ શુક્રવાર                    સમય : સાંજે ૬:25 કલાકે**

---

## પીએમ-જળ સંચય:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, જળ સંચય એ માત્ર નીતિ વિષયક મુદ્દો નથી, સામાજિક જવાબદારી પણ છે. સુરતમાં જળ સંચય જન ભાગીદારી પહેલનો વર્ચ્યુઅલી પ્રારંભ કરતા પ્રધાનમંત્રી મોદીએ આપણી આગામી પેઢીઓ માટે સાતત્યપૂર્ણ ભાવિ સુનિશ્ચિત કરવા જન ભાગીદારી પર ભાર મૂક્યો હતો.

તેમણે જણાવ્યું કે, જ્યારે આપણી ભાવિ પેઢીઓ આપણું મૂલ્યાંકન કરશે ત્યારે પાણી પ્રત્યેનો આપણો અભિગમ પ્રથમ માપદંડ હશે. તેમણે જણાવ્યું કે પાણી એ માનવતાના ભાવિનું જીવન છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર પાટીલે રાજ્યવ્યાપી જળ સંચય જન ભાગીદારી પહેલનો પ્રારંભ કર્યો હતો. આ પહેલનો હેતુ રાજ્યભરમાં આશરે 24 હજાર 800 રેઇનવોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચરનું નિર્માણ કરવાનો છે.

- (RNU અમદાવાદ)

---

## શિક્ષકોની ભરતી:

રાજ્યની શાળાઓમાં શિક્ષકોની ભરતી અંગે રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફ ભરતી માટેની પસંદગી સમિતિ-ગાંધીનગરના જણાવ્યા અનુસાર બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક માટેની જાહેરાત આગામી તા. ૨૫ સપ્ટેમ્બર, ના રોજ તેમજ બિનસરકારી અનુદાનિત માધ્યમિક શિક્ષણ સહાયક માટેની જાહેરાત આગામી તા. ૧૦ ઓક્ટોબર ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આચાર્ય, જૂના શિક્ષક અને શિક્ષણ સહાયકની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત ગત પહેલી ઓગસ્ટ, ના રોજ આચાર્ય તેમજ ગત પહેલી સપ્ટેમ્બરના રોજ અંદાજિત ૪ હજાર જેટલા જૂના શિક્ષકો માટે ભરતીની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી છે. હવે, આગામી સમયમાં બિનસરકારી અનુદાનિત

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક તેમજ બિનસરકારી અનુદાનિત માધ્યમિક શિક્ષણ સહાયકની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવશે.

- (મા.ખા. ભુજ)

---

## જાહેરનામું:

જીલ્લામાં આવતીકાલ તા.૦૭ સપ્ટેમ્બર થી ૧૬ સપ્ટેમ્બર સુધી ગણેશોત્સવની ઉજવણી થનાર છે. ત્યારે મૂર્તિઓ બનાવવા પ્લાસ્ટર ઓફ પેરિસનો ઉપયોગ તેમજ કેમિકલયુક્ત રંગોના ઉપયોગ કરવાનાં કારણે પાણીજન્ય રોગો, પશુઓ તેમજ માનવ જીવને થતા નુકશાનને અટકાવવા તેમજ મૂર્તિઓની ઉંચાઈ નિશ્ચિત કરવા, પર્યાવરણને નુકશાન ન થાય તે હેતુથી પ્લાસ્ટર ઓફ પેરીસમાંથી તૈયાર થતી મૂર્તિઓના તળાવ અને નદીઓમાં વિસર્જન પર પ્રતિબંધ મુકતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

જિલ્લા મેજિસ્ટ્રેટ કચ્છ-ભુજ દ્વારા સમગ્ર કચ્છ જિલ્લાની હદમાં આવેલી દરેક સંસ્થા, મહોલ્લાના વ્યવસ્થાપકોને આગામી ૭ મી થી ૧૬ મી  સપ્ટેમ્બર સુધી આ હુકમનો ચુસ્તપણે અમલ કરવા જણાવાયુ છે.

અનુસૂચિ મુજબ પરંપરાગત કુદરતી/પ્રાકૃતિક માટી તેમજ બાયોડિગ્રેડેબલ, ઈકો ફ્રેન્ડલી અને ટોક્ષિક ન હોય તેવા કાચા માલમાંથી મૂર્તિઓ બનાવવાની રહેશે. પ્લાસ્ટર ઓફ પેરીસ (પીઓપી), પ્લાસ્ટીક, થર્મોકોલ પોલીસ્ટાયરીન માંથી બનેલ મૂર્તિઓ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. વિસર્જન સમયે મૂર્તિઓ નદીઓ/તળાવના કિનારે રાખવી નહીં. નદી/તળાવમાં પધરાવવી નહીં તેમજ કૃત્રિમ તળાવો બનાવ્યા સિવાય વિસર્જન કરવું નહીં.

આ ઉપરાંત, વિસર્જન સરઘસ માટેની પરવાનગીમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર શોભાયાત્રા કાઢવી નહી તેમ જણાવાયુ છે.

- (મા.ખા. ભુજ)

---

## ગણેશ ચતુર્થી-સવંત્સરી પર્વ:

આવતીકાલે ગણેશ ચતુર્થીના પર્વ પ્રસંગે છેલ્લા અઠવાડિયાથી જીલ્લામાં ઠેર ઠેર શિવપુત્ર ગણેશની મૂર્તિઓની બજારો ઉભી થઇ છે. જેમાં વિવિધ રંગ, કદ અને આકારની સુંદર સજાવટ સાથેની નાનેથી લઇ મોટી પ્રતિમાઓના પંડાલ ખડા થયા છે. અને અત્યારે સાંજે શુભ મુહૂર્તે ગણેશજીની મૂર્તિઓ ઠેર ઠેર યોજાતા ગણેશ ઉત્સવના પંડાલોમાં વાજતે ગાજતે પહોંચી રહી છે. જેનું આવતીકાલે વિધિવત રીતે પૂજન સાથે ત્રણ, પાંચ, સાત, નવ કે અગિયાર દિવસ સુધીનું

સ્થાપન કરાશે. અને દરરોજ ભક્તિભાવ સાથે પૂજન અર્ચન અને વિવિધ કાર્યક્રમોના આયોજન દ્વારા ગણેશોત્સવ યોજાશે.

બીજી બાજુ, આવતીકાલે જૈન સંપ્રદાયના ચાલી રહેલા પર્યુષણ પર્વના અંતિમ ચરણમાં સવંત્સરી નું પર્વ ઉજવાશે. અહિંસા, ક્ષમા અને કરુણાના સિધ્ધાંત પર કરાઈ રહેલી પર્યુષણ પર્વની આરાધનામાં જીલ્લાભરના જૈનો ત્યાગ, તાપ, જપ દ્વારા ભક્તિ ભાવના કરી રહ્યા છે. દેરાસરો અને ઉપાશ્રયોમાં પૂજા, વ્યાખ્યાન આંગી, પ્રતિક્રમણ, ભાવના સહિતના આયોજનો દ્વારા મોટી સંખ્યામાં જૈનો આ પર્વની ઉજવણી કરી રહ્યા છે. જૈન મંદિરોને રંગબેરંગી રોશની તેમજ વિવિધ પ્રકારે સુશોભિત કરાયા છે. ત્યારે, આવતીકાલે પર્યુષણ પર્વની ચરમસીમા સમા સાવંત્સરિક ક્ષમાપના પર્વની આરાધના કરાશે.

- (કલ્પના શાહ)

---

## માંમયમોરા-વનકવચ નિર્માણ:

રાપરના મોમાયમોરા ખાતે જીલ્લા વન વિભાગ દ્વારા વન કવચનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનું આજે મુખ્ય વનસંરક્ષક સંદીપ કુમાર અને સામાજિક વનીકરણના ડીસીએફ હરેશ મકવાણા દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સાથે જ 75માં વન મહોત્સવની ઉજવણી પણ કરવામાં આવી હતી.

યાત્રાધામ મોમાયમોરા ખાતેના વનકવચને બે હેક્ટરમાં વિકસાવવામાં આવ્યું છે. જેમાં 56 જાતના વીસ હજાર રોપાઓ રોપાયા છેસાથે . જ વન કૂટીરમાં બાંકડા તથા બાળકો માટે રમત ગમતના સાધનોની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે .

- (NP, કલ્પના શાહ)

---